Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# નવસારી જિલ્લાના ધોરણ-૭ ના અંગ્રેજી વિષયના જી-સ્લેસના સત્ર-બે ના કઠિનબિંદુઓ આધારિત સુધારાલક્ષી કાર્યક્રમની સંરચના અને તેની અસરકારકતા

RESEARCHER
DR. ROHIT C. PATEL
(M.COM.,M.ED.,PH.D.)
Lecturer, District Institute Of Education And Training, Navsari

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

## સારાંશ/Abstract

અધ્યયન-અધ્યાપન પદ્ધિતિ અને પ્રયુક્તિમાં ફેરફાર કરવાથી વિદ્યાર્થીઓની સિદ્ધિકક્ષામાં કેવા ફેરફારો જોવા મળે તે ચકાસવાની હેતુસર નવસારી જિલ્લાના ધોરણ-૭ ના અંગ્રેજી વિષયના જી-સ્લેસના સત્ર-બે ના કઠિનબિદુંઓ આધારિત સુધારાલક્ષી કાર્યક્રમની રચના અને તેની અસરકારકતા વિષય પર પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવેલ હતું. સંશોધનનો હેતુ અંગ્રેજી વિષયના જી-સ્લેસના સત્ર-બે ના કઠિનબિંદુઓ આધારિત સુધારાલક્ષી કાર્યક્રમની રચના કરી, પ્રાયોગિક અને નિયંત્રિત જુથના સરાસરી પ્રાપ્તાંકોની તુલના કરી કાર્યક્રમ પર જાતીયતાની અસર તપાસવાનો હતો. પ્રસ્તુત સંશોધનમાં નવસારી જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળોઓમાં ધોરણ-૭ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ હતું. વ્યાપવિશ્વમાંથી યાદૃચ્છિક ઝૂમખા નમૂનાએ પદ્ધતિએ ૬૬ વિદ્યાર્થીઓની નમુના તરીકે પસંદગી કરવામાં આવી હતી. પ્રસ્તુત સંશોધન પ્રાયોગિક પદ્ધતિની એક જૂથ-પૂર્વકસોટી-ઉત્તરકસોટી યોજના દ્વારા કરવામાં આવેલ હતું. ધોરણ-૭ ના અંગ્રેજી વિષયમાં ૯૨૦ મિનિટના સુધારાલક્ષી કાર્યક્રમની રચના કરવામાં આવેલ હતી. સંશોધન માટે જરૂરી માહિતી સ્વ રચિત ૫૦ ગુણની લક્ષ્ય કસોટી કે જેનો ઉપયોગ પૂર્વ કસોટી અને ઉત્તર કસોટી તરીકે કરી, પ્રાપ્ત માહિતીનું અંકશાસ્ત્રીય પૃથકકરણ ટી કસોટીની મદદથી કરવામાં આવ્યું હતું. સંશોધનના તારણોમાં પ્રાયોગિક જુથ પર કાર્યક્રમની સાર્થક અસર જોવા મળેલ હતી તેમ જ સુધારાલક્ષી કાર્યક્રમ પર જાતીયતાની કોઇ અસર જોવા મળેલ ન હતી.

**Key word:- જી સ્લેસ(G-sles), કઠિન બિંદુ(Hard point), નવસારી(Navsari), અંગ્રેજી(English), સત્ર-બે (Semester-2)**

**અનુક્રમણિકા**

**1** પ્રસ્તાવના

**2** સમસ્યા કથન

**3** સંશોધનના હેતુઓ

**4** સંશોધનના પ્રશ્નો

**5** સંશોધનનું મહત્ત્વ

**6** સંશોધનની સીમાંકન

**7** સંશોધન પદ્ધતિ

**8** વ્યાપવિશ્વ અને નમૂનો

**9** સંશોધનમાં સમાવિષ્ટ ચલો

**10** ઉપકરણ

**11** પ્રયોગની રૂપરેખા

**12** માહિતી એકત્રિતકરણની રીત

**13** અંકશાસ્ત્રીય પૃથક્કરણની રીત

**14** સંશોધનના તારણો

**15** સંશોધનનાં શૈક્ષણિક ફલિતાર્થ

**16** સમાપન

**૧ પ્રસ્તાવના**

શિક્ષણ જગતમાં નીતનવીન ફેરફારો આવતા રહયા છે. રોજબરોજ કંઇકને કંઇ નવું ઇનોવેશન થતું રહેતું હોય છે. વર્તમાન સમયમાં દુનિયામાં ધરખમ ફેરફારો અનેક ક્ષેત્રોમાં થઈ રહયા છે. કમ્પ્યુટરની શોધે અને ટેકનોલોજી એ તો આ વિશ્વને નાનકડો ખંડ જ બનાવી દીધો છે. શિક્ષણક્ષેત્રમાં પણ અભ્યાસક્રમો, સાધનો, શાળાઓ સ્થળો વગેરેમાં પણ ફેરફારો જોવા મળી રહયા છે. પરંતુ પ્રાચીન સમયથી આજ દિન સુધીનું શિક્ષણ એક જ સ્વરૂપનું રહેવા પામ્યું છે. અધ્યયન-અધ્યાપનની એક જ પ્રથા જોવા મળે છે. આજે પણ શિક્ષણમાં આટલા મોટા ફેરફારો થયા છતા મોટા ભાગની શાળા-મહાશાળાઓમાં અધ્યાપનકાર્ય કથન પદ્ધતિ દ્વારા જ થઇ રહયુ છે. પરિણામ સ્વરૂપ શિક્ષણની ફલશ્રુતિ જે મળવી જોઇએ તે મળી રહી નથી.

વિદ્યાર્થીઓના ગુણોની રીતે જો તેમનું વિશ્લેષણ કરવામાં આવે તો કેટલાક એવા મુદ્દાઓ હોય છે. જેને વિદ્યાર્થી અઘરો સમજતો હોય છે. પરંતુ કેટલાંક વિદ્યાર્થીઓને તો બધા જ શૈક્ષણિક મુદ્દાઓ અઘરા લાગતા હોય છે. વિદ્યાર્થીઓને જે શૈક્ષણિક મુદ્દાઓ અઘરા લાગતા હોય તેના અનેક કારણો હોઇ શકે. પરંતુ મુખ્ય કારણ તો શિક્ષકની શિક્ષણની પદ્ધિતિ અને પ્રયુકિત જ હોઇ શકે. તેથી જો શિક્ષક પોતાની પદ્ધિતિમાં અને પ્રયુકિતમાં પરિવર્તન લાવે કે ફેરફાર કરે તો વિષય-વસ્તુના મુદ્દાઓને સરળ બનાવી શકાય. આવા જ હેતુસર ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ્ દ્વારા વિધાર્થીઓની વિષય-વાર અને ધોરણવાર સિદ્ધિ જાણવાનો પ્રયાસ થઇ રહયો છે. તેના ભાગરૂપે પ્રસ્તુત સંશોઘન હાથ ધરવામાં આવેલ હતું. જેમાં GAP-૭ દરમ્યાન વિદ્યાર્થીઓને જે શૈક્ષણિક મુદ્દાઓ કઠિન લાગ્યા હોય તે મુદાઓ ભણાવવા અલગથી એક પ્રાયોગિક યોજના બનાવી તેની અસરકારકતા ચકાસવાનો ઉપક્રમ પ્રસ્તુત સંશોઘનમાં રાખવામાં આવેલ હતો. ટૂંકમાં અધ્યયન-અધ્યાપન પદ્ધિતિ અને પ્રયુકિતમાં ફેરફાર કરવાથી વિદ્યાર્થીઓની સિદ્ધિકક્ષામાં કેવા ફેરફારો જોવા મળે તે ચકાસવાની હેતુસર પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવેલ હતું.

**૨. સમસ્યા**

પ્રસ્તુત સંશોધનની સમસ્યા નીચે મુજબ હતી.

**નવસારી જિલ્લાના ધોરણ-૭ ના અંગ્રેજી વિષયના જી-સ્લેસના સત્ર-બે ના કઠિનબિંદુઓ આધારિત સુધારાલક્ષી કાર્યક્રમની રચના અને તેની અસરકારકતા**

**૩. સંશોધનના હેતુઓ**

1. ધોરણ-૭ ના અંગ્રેજી વિષયમાં સુધારાલક્ષી કાર્યક્રમની રચના કરવી અને તેની અસરકારકતા ચકાસવી.
2. પ્રાયોગિક જૂથ અને નિયંત્રણ જૂથના સરાસરી પ્રાપ્તાંકોની તુલના કરવી.
3. સુધારાલક્ષી કાર્યક્રમ પર જાતીયતાની અસરકારકતા ચકાસવી.

**૪. સંશોધનની ઉત્કલ્પનાઓ**

પ્રસ્તુત સંશોધનમાં નીચે મુજબની ઉત્કલ્પનાઓની રચવામાં આવેલ હતી.

1. પ્રાયોગિક જૂથ અને નિયંત્રત જૂથના વિદ્યાર્થીઓના પૂર્વ કસોટીના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઇ અર્થસૂચક તફાવત જોવા મળશે નહી.
2. પ્રાયોગિક જૂથના અને નિયંત્રત જૂથના વિદ્યાર્થીઓના ઉત્તર કસોટીના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઇ અર્થસૂચક તફાવત જોવા મળશે નહિ.
3. પ્રાયોગિક જૂથના કુમારો અને કન્યાઓના ઉત્તર કસોટીના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઇ અર્થસૂચક તફાવત જોવા મળશે નહિ.
4. પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓના પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઇ અર્થસુચક તફાવત જોવા મળશે નહિ.
5. પ્રાથમિક શાળાના પ્રાયોગિક જૂથના અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના લબ્ધિઆંકોની સરાસરીઓ વચ્ચે કોઇ અર્થસૂચક તફાવત નહીં હોય.

૬.પ્રાથમિક શાળાના પ્રાયોગિક જૂથના કુમારો અને કન્યાઓના લબ્ધિઆંક વચ્ચે કોઇ અર્થસૂચક તફાવત નહીં હોય.

**૫. સંશોધનનું મહત્ત્વ**

પ્રસ્તુત સંશોઘનનું મહત્વ નીચે મુજબ છે.

1. સુધારાલક્ષી કાર્યક્રમ કેટલો અસરકારક રહયો તે પ્રસ્તુત સંશોધન દ્વારા જાણી શકાય.
2. પ્રસ્તુત સંશોધન દ્વારા પ્રણાલિકાગત શિક્ષણ પદ્ધતિ અને વિશિષ્ટ પદ્ધતિ દ્વારા થતા શિક્ષણ વચ્ચે શો ભેદ પડે છે. તેનો ખ્યાલ આવશે.

3. આ પદ્ધતિના પરિણામો અન્ય વિષયોના અધ્યયન અધ્યાપન કાર્યમાં મદદરૂપ બનશે. સુધારાલક્ષી કાર્યક્રમ જો અસરકારક પૂરવાર થાય તો અન્ય ધોરણમાં, અન્ય વિષયો માટેના અધ્યયન માટે પણ તેનો ફળદાયી ઉપયોગ કરી શકાશે.

૪. વિધાર્થીઓની સિધ્ધ કક્ષાઓના સુધારા-વધારા કરવા માટેની જરૂરી દિશા-સૂઝ અને માર્ગદર્શન પ્રસ્તુત સંશોધન દ્વારા મળી રહશે.

## ૬. સંશોધનનું સીમાંકન

1. પ્રસ્તુત સંશોધન નવસારી જિલ્લાની પ્રાથમિક શાળાઓ પૈકી એક પ્રાથમિક શાળાઓ પૂરતુ જ સીમિત હતું.
2. પ્રસ્તુત સંશોધન ધોરણ-૭ ના અંગ્રેજી વિષયમાં જી-સ્લેસમાં પ્રાપ્ત કઠિન બિદુંઓ પૂરતું જ સીમિત હતું.
3. સંશોધનમાં માહિતી એકત્રિત માટે સ્વ રચિત કસોટીનો જ ઉપયોગ કરવામાં આવેલ હતો.

## ૭. સંશોધનની પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન પ્રાયોગિક પદ્ધતિએ હાથ ધરવામાં આવ્યુ હતું.પ્રાયોગિક સંશોધનો માટેની વિવિધ પ્રાયોગિક યોજનાઓમાંથી પ્રસ્તુત સંશોધનના વિષયને ધ્યાનમાં રાખીને સંશોધકે પ્રસ્તુત પ્રાયોગિક સંશોધન માટે એક જૂથ-પૂર્વકસોટી-ઉત્તરકસોટી પસંદ કરી હતી.

## ૮. વ્યાપવિશ્વ અને નમુનો

પ્રસ્તુત સંશોધનમાં નવસારી જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળોઓમાં ધોરણ-૭ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ હતું.

જિલ્લા પંચાયત સંચાલિત કુલ ૭૩૯ પ્રાથમિક શાળાઓમાં યાદ્ચ્છિક સંખ્યા કોઠાની મદદથી એક શાળાની પંસદગી કરવામાં આવી હતી. આમ પ્રસ્તુત સંશોધનમાં નમુના પસંદગી યાદચ્છિક ઝૂમખા નમૂનાએ પદ્ધતિએ કરવામાં આવી હતી. કુલ ૬૬ ધોરણ-૭ ના વિદ્યાર્થીઓનો નમૂનાઓ સમાવેશ કરવામાં આવ્યો હતો.

## ૯. સંશોધનમાં સમાવિષ્ટ ચલો

પ્રસ્તુત સંશોધનમાં નીચે મુજબ ચલોનું વર્ગીકરણ કરવામાં આવેલ હતું.

**સ્વતંત્ર ચલ** - શિક્ષણ પદ્ધતિ (અ) સુધારાલક્ષી કાર્યક્રમ (બ) રૂઢિગત શિક્ષણ પદ્ધતિ.

**પરતંત્ર ચલ**-ઉત્તર કસોટીના પ્રાપ્તાંકો, **અંકુશિત ચલ**-વિદ્યાર્થીઓની સંખ્યા,**પરિવર્તક ચલ**-જાતીયતા- કુમાર-કન્યા

**૧૦. ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રિકરણ કરવા માટે સૌ પ્રથમ એક લક્ષ્ય કસોટીની રચના કરવામાં આવી હતી. આ લક્ષ્ય કસોટીનો ઉપયોગ પૂર્વ કસોટી અને ઉત્તર કસોટી તરીકે કરવામાં આવ્યો હતો.. આ કસોટી કુલ ૫૦ ગુણની હતી. જેમાં વસ્તુલક્ષી પ્રશ્નો અને ટૂંક જવાબી પ્રકારના પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**૧૧. પ્રયોગની રૂપરેખા**

પ્રસ્તુત સંશોધનમાં નીચે મુજબની પ્રયોગની વિધિની રચના કરી તેનું અમલીકરણ કરવામાં આવેલ હતું.

**પ્રયોગવિધિની રૂપરેખા**

| | પ્રાયોગિક જૂથ<br>શહેરી વિસ્તાર-૩૫ ગ્રામ્ય વિસ્તાર-૩૫ | | નિયંત્રિત જૂથ<br>શહેરી વિસ્તાર-૩૫ ગ્રામ્ય વિસ્તાર-૩૫ | |
|---|---|---|---|---|
| | વિગત | સમય (મિનિટ) | વિગત | સમય (મિનિટ) |
| ૧ | પૂર્વ કસોટી | ૫૦ | પૂર્વ કસોટી | ૫૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | <u>કઠિન બિંદુઓ:-</u><br>**૧.૭.૫ :- શબ્દો,વાકયો અને પરિચ્છેદનું મુક અને મુખ વાચન.**<br>-મૂક વાચનનો મહાવરો<br>-મૂખ વાચનનો મહાવરો<br>**૧.૭.૮ :- અતાર્કિક વિગતો તારવે અને સુધારે.**<br>-અતાર્કિક વિગતો તારવવાની સમજ આપવી.<br>-ખોટી અતાર્કિક વિગતોને સુધારવી.<br>**૧.૭.૯:-વાકયો,ચિત્રો,ટેબલ કે ગ્રાફના આધારે વિગતોની સરખામણી.**<br>-વિગતોની વાકયો દ્વારા રજૂઆત.<br>--વિગતોની ચિત્રો દ્વારા રજૂઆત.<br>--વિગતોની ટેબલ દ્વારા રજૂઆત.<br>--વિગતોની ગ્રાફ દ્વારા રજૂઆત.<br>**૨.૭.૪ :-ઉલટ પ્રશ્નો પૂછે અને જવાબ આપે.**<br>-પ્રશ્નોના પ્રકારની સમજૂતી<br>-જવાબ આપવાની કળા વિકસાવી.<br>**૩.૭.૪:-ભવિષ્યની સંભાવનાઓ,આયોજનનું વર્ણન.**<br>-ભવિષ્યની સંભાવનાઓની સમજૂતી.<br>-આયોજનનું વર્ણન કરાવાનો મહાવરો. | ૫૦<br>૫૦<br>૩૦<br>૩૦<br>૨૦<br>૨૦<br>૨૦<br>૨૦<br>૧૦૦<br>૧૦૦<br>૫૦<br>૫૦<br>૬૦ | રૂઢિગત પદ્ધતિએ શિક્ષણકાર્ય | ૫૦<br>૫૦<br>૩૦<br>૩૦<br>૨૦<br>૨૦<br>૨૦<br>૨૦<br>૧૦૦<br>૧૦૦<br>૫૦<br>૫૦<br>૬૦ |

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

| | | | | |
|---|---|---|---|---|
| | **૩.૭.૫ :-વ્યવસાયકારોનો પરિચય મેળવે અને આપે.**<br>-વ્યવસાયકારોનીચિત્રો અને કમ્પ્યુટર દ્વારા રજૂઆત.<br>**૩.૭.૭:-પુસ્તકાલયમાં વાર્તા,વાકયોની માહિતીની બીજ સ્વરૂપમાં રજૂઆત.**<br>-વાર્તાની ચિત્રો દ્વારા રજૂઆત.<br>-વાકયોની ચિત્રો દ્વારા રજૂઆત.<br>**૩.૭.૮:ટેબલ,ગ્રાફ,નકશા,વાકયોની માહિતી આ પ્રકારના બીજા સ્વરૂપોમાં રજૂઆત.**<br>- કમ્પ્યુટર દ્વારા ટેબલની વાકયોમાં રજૂઆત.<br>- કમ્પ્યુટર દ્વારા ગ્રાફની વાકયોમાં રજૂઆત.<br>-નકશાની મદદથી માહિતીની વાકયોમાં રજૂઆત. | ૫૦<br>૫૦<br>૩૦<br>૩૦<br>૩૦ | | ૫૦<br>૫૦<br>૩૦<br>૩૦<br>૩૦ |
| ૩ | ઉત્તરકસોટી | ૫૦ | ઉત્તરકસોટી | ૫૦ |
| ૪ | અભિપ્રયાવલિ | ૩૦ | - | - |
| | **કુલ** | ૯૨૦ | | ૮૯૦ |

**૧૨. માહિતી એકત્રિતકરણની રીત**

સંશોધન માટે જરૂરી માહિતી એકત્રિત કરવા માટે રચેલ લક્ષ્ય કસોટીનો સૌ પ્રથમ પૂર્વ કસોટી તરીકે ઉપયોગ કર્યા બાદ પ્રયોગવિધિનું અમલીકરણ કર્યા બાદ લક્ષ્ય કસોટીને ઉત્તર કસોટી તરીકે આપીને સંશોધન માટે જરૂરી આંકડાકીય માહિતી એકત્રિત કરવામાં આવેલ હતી.

**૧૩. અંકશાસ્ત્રીય પૃથક્કરણની રીત**

પ્રસ્તુત સંશોધનમાં પ્રાપ્ત કરેલ માહિતીનું સરાસરી, પ્રમાણ વિચલન, t - કસોટીની મદદથી અંકશાસ્ત્રીય પૃથક્કરણ કરવામાં આવેલ હતું.

**૧૪. સંશોધનના તારણો**

પ્રસ્તુત સંશોધનના તારણો નીચે મુજબ હતા.

**૧.** ધોરણ સાતના અંગ્રેજી વિષયના પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથની પૂર્વ કસોટીના સંદર્ભે સમકક્ષ હતા.

૨. ધોરણ - સાતના અંગ્રેજી વિષયના ઉત્તર કસોટીના સંદર્ભે પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત હતો. નિયંત્રિત જૂથ કરતાં પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઆની સરાસરી વધુ હતી. એટલે કે પ્રયોગ સફળ રહ્યો.

૩.પ્રયોગ પર જાતીયતાની કોઇ અસર જોવા મળેલ ન હતી.

4. ધોરણ - સાતના અંગ્રેજી વિષયના પ્રાયોગિક જૂથના પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત હતો. અર્થાત પ્રાયોગિક જૂથ પર પ્રયોગની અસર જોવા મળી હતી.

5. ધોરણ - સાતના અંગ્રેજી વિષયના લબ્ધિઆંકોના સંદર્ભે પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત હતો. નિયંત્રિત જૂથ કરતાં પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઆની સરાસરી ઉંચી હતી. ટૂંકમાં પ્રયોગ સફળ રહ્યો.

6. પ્રાયોગિક જૂથના કુમારો અને કન્યાઓના લબ્ધિઆંકોના પ્રાપ્તાંકોની સરાસરીમાં કોઇ સાર્થક તફાવત ન હતો.. પ્રયોગ પર જાતીયતાની કોઇ અસર જોવા મળેલ ન હતી.

**૧૫. સંશોધનના ફલિતાર્થો**

પ્રસ્તુત સંશોધનના ફલિતાર્થો નીચે મુજબ પ્રાપ્ત થયા હતા.

1. વિદ્યાર્થીઓ કોઇ પણ વિષયમાં કઠિનતા અનુભવતો હોય તો તેના માટે વિશિષ્ટ પદ્ધતિ દ્વારા શિક્ષણ કરાવવું જોઇએ જેથી વિષયવસ્તુ સરળ બનાવી શકાય છે.
2. વિદ્યાર્થીઓને રમત ગમતથી ભણાવવું જોઇએ જેથી વિષયને રસપ્રદ અને લાંબા સમય સુધી યાદ રહી શકે.
3. અંગ્રેજી વિષયને ભણાવવા માટે વિવિધ ચાર્ટ,ચિત્રો,નમૂનાઓ અને કાર્ટૂન વાર્તાઓનો મહત્તમ ઉપયોગ કરવો જોઇએ.
4. અંગ્રેજી સિવાયના અન્ય વિષયોને પણ પ્રવૃત્તિમય બનાવવા જોઇએ.

5. વિદ્યાર્થીઓની સામેલગીરી વધે તેવી પ્રવૃત્તિઓ વધુ કરવી જોઇએ.

**૧૬. સમાપન**

આમ પ્રસ્તુત સંશોધનની મદદથી અંગેજી ઉપરાંત અન્ય વિષયોમાં પડતી મુશ્કેલીઓના નિવારણ માટે અને વિષયોના સરળીકરણ માટે જરૂરી દિશા દર્શન મળી રહેશે. ઉપરાંત શિક્ષણ વધુ આનંદનય,રસપ્રદ અને પ્રવૃત્તિમય બની રહે તેવા શુભ આશયથી પ્રસ્તુત સંશોધન શિક્ષણ જગતને અર્પણ કરતા સંશોધક કૃતજ્ઞતાની લાગણી અનુભવે છે.

**સંદર્ભ સૂચિ**

દેસાઇ,હરિભાઇ જી. અને ત્રિવેદી, મનુભાઇ ડી.૧૯૮૨. ***શૈક્ષણિક સંશોધનની રૂપરેખા.***
રાજકોટ: સૌરાષ્ટ્ર યુનિવર્સિટી. ગુજરાત રાજય.

દેસાઇ, એચ. જી., કે.જી. 1997. ***સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ.***અમદાવાદ:
યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય.

શાહ, દિપીકા.2004.***શૈક્ષણિક સંશોધન.*** અમદાવાદ:
યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય.